ગુડ મોર્નિંગ

''નસીબ જેના મસ્ત હોય છે તેની કસોટી પણ જબરજસ્ત હોય છે''

# જય હિંદ

પ્રકાશ ◆ પ્રગતિ ◆ પવિત્રતા

સ્થાપકઃ- બાબુભાઈ શાહ

તંત્રીઃ યશવંતભાઈ શાહ

આજનું હવામાન
અમદાવાદઃ ૨૭/૩૭°C
સૂર્યોદય :૦૬-૩૨
સૂર્યાસ્તઃ ૦૬-૨૫

website: www.jaihinddaily.com પુસ્તક ૫૬ મું અંકઃ૨૬૬ સંવત ૨૦૭૪ કારકત સુદ-૪ સોમવાર, તા.૨૩-૧૦-૨૦૧૭, પાનાં ૧૨ કિંમત રૂા.૩.૫૦ @jaihinddaily @jaihinddaily







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂા.૬૫૦ કરોડના ખર્ચે ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસનું લોકાર્પણ કર્યું હતું. તે પ્રસંગે તેઓએ પૂજા-અર્ચન કરી પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો તેમજ વડાપ્રધાને ૫૦ દિવ્યાંગોને તેમના ખાસ મહેમાન ગણાવીને તેમની સાથે ઘોઘાથી દહેજ રો-રો ફેરી સર્વિસની મુસાફરી કરી હતી.

## દેશના દરિયાઈ રાજ્યો માટે ઘોઘા-દહેજ ફેરી સર્વિસ વિકાસનું ઉત્તમ ઉદાહરણ

# રાજ્યમાં મેરીટાઇમ યુનિ.-મ્યુઝિયમ સ્થપાશેઃમોદી

ભાવનગર, તા. ૨૨

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિપીંગ ઇન્ડસ્ટ્રીઝમાં સ્થાનિક યુવાઓને રોજગાર મળે તે માટે પ્રશિક્ષિત અને કૌશલ્યવર્ધન માટે ગુજરાતમાં મેરી ટાઇમ યુનિવર્સીટી અને લોથલ ખાતે મેરી ટાઇમ મ્યુઝીયમ સ્થાપવાની જાહેરાત કરી હતી.

ઘોઘા દહેજ રો-રો ફેરી સર્વિસના દહેજ ફેરી સર્વિસના રૂા.૬૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ પ્રોજેકટનું લોકાર્પણ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દેશના દરિયાઇ રાજયો માટે આ પ્રોજેકટ દરિયાઇ વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે અનેકોસ્ટલ પ્રવાસનો નવો અધ્યાય શરૂ થયો છે. ભાવનગરની ધરતી પર આવીને આ મહત્વકાંક્ષી પ્રોજેકટ સમગ્ર હિન્દુસ્તાનને નવી વિકાસની દિશા આપશે. ઘોઘા-દહેજ ફેરી સર્વિસથી આ અનેરો ઉપહાર દેશની જનતાને મળ્યો છે. દક્ષિણ અને પૂર્વ એશિયાનો આ સૌથી મોટો પ્રોજેકટ આધુનિક ટેકનોલોજીથી પૂર્ણ થતા સાડા છ કરોડ ગુજરાતીઓનું સ્વપ્ન પૂર્ણ થયું છે.

વડાપ્રધાને પોતાના બાળપણના શાળાના દિવસો યાદ કરીને જણાવ્યું હતું કે ઘોઘા-દહેજ ફેરી સર્વિસ પ્રોજેકટ માટે અગાઉની સરકારો અને ભાવનગરના નેતાઓ આવીને ગયા પણ સારા કાર્યો મારા નસીબમાં લખાયેલા છે.



'લંકાની લાડીને ઘોઘાનો વર' પ્રચલિત કહેવતને યાદ કરીને વડાપ્રધાને જણાવ્યું હતું કે ઘોઘાની વર્ષો પહેલા કેવી જાહોજલાલી હશે. ઘોઘા-દહેજ ફેરી સર્વિસથી ઉદ્યોગોને બળ મળશે, રોજગારીની વિપુલ તકો વધશે અને પ્રવાસન ઉદ્યોગને નવી દિશા મળશે. પરિણામે સૌરાષ્ટ્ર-કચ્છના લાખો લોકોનું જીવન બદલી નાખશે. માનવીની મૂલ્યવાન ચીજ સમય છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ૧૨ હજાર લોકો દરરોજ પ્રવાસ કરે છે. પાંચ હજારથી વધુ વાહનો આ માર્ગો પર દોડે છે. ૩૬૦ કિ.મી.નો માર્ગ ૩૧ કિ.મી.ના દરિયાઇ માર્ગમાં ફેરવાતા સમય, નાણાંનો બચાવ થશે અને ટ્રાફીકની સમસ્યા હલ થશે. અને અર્થતંત્ર વધુ મજબૂત બનશે. અગાઉની સરકારોએ ટર્મિનલ બનાવવાની, માળખાકીય સુવિધાઓ અને ડ્રેજીંગની કામગીરીનો ખર્ચ નહીં ઉપાડતા આ યોજના ખોરંભે પડી હતી. વર્ષ ૨૦૧૨ માં મેં શિલાન્યાસ કર્યો હતો પરંતુ દરિયામાં કામ કરવા ભારત સરકારની પર્યાવરણીય મંજૂરીઓ નહીં મળતા અવરોધો ઉભા થયા હતા.પરંતુ સમુદ્રમંથનમાંથી જ અમૃત મળે છે.

વીર મોખડાજીને યાદ કરી વડાપ્રધાને જણાવ્યું હતું કે સ્થાનિક યુવાધનને તૈયાર કરીને કોસ્ટલ સોશિયલ સિકયુરીટી ક્ષેત્રે રોજગારીની નવી વિપુલ તકોનું નિર્માણ થશે. જાપાને અલંગ શીપ બ્રેકીંગ યાર્ડના આધુનિક

(અનુસંધાન ૧૦મા પાને)

Mon, 23 October 2017
www.readwhere.com/read//c/23114804